# ખુમાપુર પાસે વાહનની ટક્કરે જંગલી બિલાડાનું મોત

## દુર્લભ નિશાચર પ્રાણીઓ હાદસાનો શિકાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

મોડાસા-હિંમતનગર હાઈવે ઉપર ખુમાપુર પાટીયા પાસે ગત રાત્રે વાહનની ટક્કરે જંગલી બિલાડા(વાઘડબિલ્લો)નું મોત નિપજ્યું હતું. સવારે પાલતું બિલાડી કરતાં મોટાકદના પીળા અને ભૂખરા રંગનું શરીર ધરાવતું જંગલી પ્રાણી મૃત હાલતમાં જોવા મળતાં વન્ય જીવદયા પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી હતી. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં જંગલી બિલાડીની સવિશેષ સંખ્યા જોવા મળે છે પરંતુ રાત્રે ખોરાક પાણીની શોધમાં નિકળતા નિશાચર પ્રાણી માર્ગ અકસ્માતનો ભોગ બની જતા હોય છે.



અરવલ્લીના જંગલ અને ખેતસીમાડાઓમાં અનેક દુર્લભ વન્ય પ્રાણીઓ વસવાટ કરી રહ્યાં છે. છેલ્લા કેટલાક સમયથી નામશેષ થતા વન્ય પ્રાણીઓની હાજરી જણાય તેના કરતાં વધુ સંખ્યાના દુર્લભ જીવો માર્ગો ઉપર વાહનોનાં પૈડાં નીચે કચડાતાં હોય છે. તાલુકાના ખુમાપુર પાસે રાત્રે પૂરપાટ ઝડપે પસાર થતા વાહનની હડફેટે જંગલી બિલાડો આવી જતાં ગંભીર ઈજાથી સ્થળ ઉપર મોત નિપજ્યું હતું. દિવસે ભાગ્યે જ જંગલી બિલાડી જાહેરમાં દેખા દેતી હોય છે પરંતુ રાતના સમયે તે સૂકા જાળીવાળા વિસ્તારોમાંથી ખોરાક શોધવા માટે ખેતસીમાડાઓમાં નિકળતું હોય છે. મોટાભાગે ખિસ્કોલી, દેડકાં, ઉંદર અને નાના પક્ષીઓનો શિકાર કરી પેટ ભરતા દેશી બિલાડાની આંખો માંજરી અને મોટી હોય છે. જે રાત્રે અંધારામાં પણ ચમકતી હોય છે. છેલ્લા કેટલાક સમયથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી બિલાડી(વાઘડબિલાડા)ની સંખ્યામાં વધારો થયો છે પરંતુ બેફામ દોડતા વાહનોએ અસ્તિત્વ ઉપર જોખમ ઉભું કર્યું છે.

આખરે બોર્ડના નિર્ણયથી વિદ્યાર્થી-વિષય શિક્ષકોને રાહત

# કોરોનાની આડઅસર : જિલ્લામાં ધો.૯ થી ૧૨માં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૩૦ ટકા કરાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

કોરોનાની આડઅસરથી ખાસ કરીને ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ હેબતાઈ ગયું હોય તેવું દેખાઈ રહ્યું છે. આમ તો બોર્ડની જડ વલણની માનસિકતા જગજાહેર છે પરંતુ સમય સાથે હવે કદમ મિલાવી કેટલાક નિર્ણય વિદ્યાર્થીઓના હીતમાં લેવાઈ રહ્યા છે. નવા શૈક્ષણિક સત્ર શરૂ થયાના લાંબા સમય પછી પણ શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ થયું ન હતું આખરે જાન્યુઆરીથી તબક્કાવાર ધો.૧૦-૧૨ નું શિક્ષણ અને ત્યારબાદ ધો.૯-૧૧નું શિક્ષણ કાર્ય શરૂ થયું છે પરંતુ શિક્ષણકાર્ય શરૂ થયું હોવા છતાં શાળાઓમાં વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ પૂરો કરવો મુશ્કેલ હોવાથી વિવિધ ઘટક સંઘોએ કોર્સ ઘટાડવાની રજુઆત કરી હતી ત્યારે બોર્ડે ધો.૯ થી ૧૨ સામાન્ય પ્રવાહમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૨૦ ટકાથી વધારી ૩૦ ટકા કરાયું છે. જેથી જિલ્લાની ૪૫૦ થી વધુ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થી વિષય શિક્ષકોને રાહત થઈ હોય તેવું જણાયું છે.

**સામાન્ય પ્રવાહમાં ૩૦ ટકા હેતુલક્ષી, વિજ્ઞાન પ્રવાહમાં ૫૦ ટકા બહુવૈકલ્પિક ૫૦ ટકા વર્ણાત્મક પ્રકાર યથાવત**

સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોના સત્તાવાર રીતે ૧૨૦ થી વધુ લોકોને ભરખી ગયો છે. બિનસત્તાવાર આંકડો ૪૦૦ થી વધુ હોવાની આશંકા છે અને હજુ પણ કોરોના કેટલાક વિસ્તારોમાં જોવા મળ્યો છે ત્યારે મોંડે મોંડે શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ થયું છતાં વિદ્યા મંદિરોમાં કોરોનાનો હાઉ વિદ્યાર્થીઓની ઓછી હાજરીના રૂપમાં જોવા મળ્યો. કોરોનાના કારણે વિદ્યાર્થીઓના હીતમાં અભ્યાસક્રમ ટૂંકાવવાની રજૂઆતો બોર્ડ સભ્ય સહિત ઘટક સંઘોના આગેવાનોએ બોર્ડને કરી હતી. જેમાં બોર્ડે પણ કેટલીક બાબતોનો સ્વીકાર કરી વિદ્યાર્થીઓના હીતમાં અભ્યાસક્રમમાં ઘટાડો કર્યો છે તેમજ પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફાર થયો છે. જ્યારે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અગાઉની જેમ જ પ્રશ્નોનું પ્રમાણ જાળવી રાખવામાં આવ્યું છે. બોર્ડે અભ્યાસક્રમ અને હેતુલક્ષી જાહેર કરેલા નવા ઢાંચા પ્રમાણે ધો.૧૦ અને ૧૨ ના મુખ્ય ૪૦ વિષયોના પ્રશ્નપત્ર પરીરૂપ ગુણભાર તથા નમૂનાના પ્રશ્નપત્રો તજજ્ઞો દ્વારા તૈયાર કરાવવાનો નિર્ણય લીધો છે.

# ખેડબ્રહ્મા-ભાવનગર નવી એસ.ટી. બસ શરૂ થતાં મુસાફરો મલકાયા



ખેડબ્રહ્મા, તા.૦૩

ખેડબ્રહ્મા થી ભાવનગર જતી એસ.ટી. બસનો તા.૧ ફેબ્રુઆરીથી પ્રારંભ થતાં મુસાફરો મલકાયા છે. સૌરાષ્ટ્ર મિત્ર મંડળના પૂર્વ પ્રમુખ અરવિંદ ઠક્કર અને વેપારીઓની લાંબા સમયની માંગ એસ.ટી. વિભાગીય નિયામક કમલહસન અને ડેપો મેનેજર દ્વારા સંતોષાતાં પંથકમાં ખુશાલી જોવા મળી હતી.

એસ.ટી.ની આવક ઘટી રહી છે ત્યારે વધુ ને વધુ મુસાફરો મળે તેવા રૂટ ઉપર એસ.ટી. બસો દોડાવવી જોઈએ ખેડબ્રહ્માથી ભાવનગરની સીધી એસ.ટી. સેવા શરૂ થાય તો સૌરાષ્ટ્ર તરફ જતા મુસાફરોના સમયનો બચાવ થાય તેવી સ્થાનિક સૌરાષ્ટ્ર મિત્ર મંડળ દ્વારા રજૂઆત થઈ હતી. ડેપો મેનેજર સગર દ્વારા દરખાસ્ત એસ.ટી. વિભાગીય વડાને મોકલવામાં આવી હતી અને તેનો સ્વીકાર થયા પછી તા.૧ ફેબ્રુઆરીથી એસ.ટી. બસ ખેડબ્રહ્મા ડેપોમાંથી ભાવનગર તરફ પ્રયાણ કર્યું હતું. એસ.ટી. બસ દરરોજ ૬-૩૦ કલાકે ખેડબ્રહ્મા થી રવાના થશે અને ભાવનગર જશે જેમાં ખેડબ્રહ્મા ઉપરાંત ઈડર, હિંમતનગર, પ્રાંતિજ, ચિલોડા, કૃષ્ણનગર, બાપુનગર, અમદાવાદ, ધોળકા, વટામણ ચોકડી, ધોલેરા થઈ ભાવનગર પહોંચશે અને તે જ રૂટ ઉપર રાત્રે ૧૧-૦૦ કલાકે પરત ફરશે. નવી એસ.ટી. બસનો શુભારંભ ડ્રાઈવરે કર્યો હતો.

**સૌરાષ્ટ્ર જતા મુસાફરોની માંગ સંતોષાઈ**

# લાખણીમાં ડમ્પરની ટકકરથી બાઈક સવાર યુવકનું મોત

ડીસા, તા. ૩

લાખણીમાં સાંજના સમયે એક યુવક બાઈક લઈને જતો હતો. તે દરમ્યાન પેટ્રોલ પંપની સામે ડમ્પરે તેને ટક્કર મારી હતી. જેમાં તેને ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ બગંભીર ઈજાઓને કારણે યુવકનું મોત નિપજ્યું હતું. ઘટનાને લઈ મૃતકના ભાઈએ અજાણ્યાં ડમ્પર ચાલક સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જીલ્લાના લાખણીમાં મંગળવારની સાંજે અકસ્માતની ઘટના સામે આવી છે. પંથકના સેકરા ગામે રહેતાં શ્રવણ ભેમાભાઈ ઠાકોર પોતાનું બાઈક લઈ પસાર થતાં હતા. આ દરમ્યાન લાખણી એસ. આર. પેટ્રોલપંપની સામે એક ડમ્પરે તેમને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જેને લઈ કોઈએ તેમના ભાઈ કમુભાઈને જાણ કરતાં બધા તાત્કાલિક લાખણી સરકારી દવાખાને આવતાં તેમના ભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોઈ મોત થયાનું જાણવા મળ્યું હતુ.

# યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ-ઈડરના વિદ્યાર્થીઓ સાથે હેલ્લારોના ડાયરેકટરનો સંવાદ

## સંવાદમાં વિદ્યાર્થીઓ આનંદિત બન્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ-ઈડર દ્વારા તાજેતરમાં સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મનો નેશનલ એવોર્ડ મેળવનાર ગુજરાતની પ્રથમ ફિલ્મના ડાયરેકટર આશિષ પટેલની સાથે શાળાના વિદ્યાર્થીઓ સંવાદમાં જોડાયા હતા. વિદ્યાર્થીઓનો આત્મનિર્ભર ભારત માટે, મહિલાઓની ભૂમિકા વિષય ઉપર સંવાદ કરવામાં આવ્યો જેમાં આશિષ પટેલ દ્વારા વુમન એમ્પાયરમેન્ટ પર વિશેષ ચર્ચા કરી તેમજ વિદ્યાર્થીઓને ખંતથી મહેનત કરવી, પોતાની જાત ઉપર વિશ્વાસ રાખવો, સતત પ્રયત્ન કરતા રહેવું જેવા વિવિધ ગુણો જીવનમાં સ્થિર કરવાની શીખ આપી હતી તેમને વિદ્યાર્થીઓને ખુબ જ પ્રોત્સાહીત કરવાની સાથે સતત હકારાત્મક રહેવા માટે ટકોર કરી હતી.



# ઉંઝાના પાટણ રોડ પર પાર્ક કરેલ ઈકો કારની ઉઠાંતરી

ઉંઝા, તા. ૩

ઉંઝા ખાતે પાટણ રોડ પર આવેલ એક સોસાયટીના મકાન આગળ પાર્ક કરેલ ઈકો ગાડી કોઈ બે અજાણ્યા સખ્શે ચોરી કરીને લઈ ગયા હોવાનો બનાવ બનતાં વાહન ચાલકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

વિગત એવી છેકે, મૂળ વિસનગરના વતની અને ઉંઝા ખાતે પાટણ રોડ પર આવેલ બાલેશ્વર બંગલોઝમાં રહેતા ભાવેશ કુમાર કનૈયાલાલ પટેલ ખેરવા ખાતે લેબ. આસિ. તરીકે નોકરી કરતા હોઈ અપડાઉન કરવા માટે રામપુરા (કુકસ) ના વિસરસંગજી ઠાકોરની ઈકો ગાડી નં. જીજે-૦૨-બીએચ-૮૭૯૩ બાંધેલ હતી. આ ગાડી સાંજના સમયે મકાન આગળ પાર્ક કરી હતી ત્યારે મધરાતના સમયે કોઈ અજાણ્યા શખ્સો ઈકો ગાડીની ઉઠાંતરી કરીને કયાંક પલાયન થઈ ગયા હતા.

દરમિયાન આ મકાનની સામેના સારસ્વત કોમ્પલેક્ષની સીસીટીવી કેમેરા ચેક કરતાં તેમાં બે માણસો આવ્યા હતા. જૈ પૈકી એક ઈસમ ગાડી ચાલુ કરીને લઈ જતો હોવાનું તેમજ તેની આગળ એક મોટર સાયકલ જઈ રહ્યાનું નજરે પડ્યું છે. રાત્રિના સાડા અગિયાર વાગ્યાના સુમારે આ વાદન ચોરીની ઘટના બની હતી.

આ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઊંઝા શહેરમાં છેલ્લા ઘણા વખતતી વાહનચોરીઓ તથા ઘરફોડ ચોરીઓના બનાવો દિનપ્રતિદિન વધતા જાય છે. આ સાથે દારુ, જુગાર જેવી સામાજિક બદીઓએ પણ ભારે ઉપાડો લીધો હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

# અરવલ્લી પોલીસનું સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પગલે રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ

## ૭ આંતરરાજ્ય ચેકપોસ્ટ સહીત ૧૭ ચેકપોસ્ટ પર સઘન ચેકીંગ





મોડાસા, તા. ૩

ગુજરાતમાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને ભારે ધમધમાટ શરુ થઈ ગયો છે અરવલ્લી જીલ્લામાં ૨૮ ફેબ્રુઆરીએ જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી યોજાવાની છે અને આચારસંહિતા લાગુ થઈ ગઈ છ ત્યારે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે અરવલ્લી જીલ્લાની રાજસ્થાન રાજયને અડીને આવેલ ૭ આંતરરાજય સરહદો પર અને જીલ્લાની અંદર ૧૦ ચેકપોસ્ટ ઉભી કરી રાઉન્ડ ધી ક્લોક વાહન ચેકીંગ અને જીલ્લાના હાઈવે અને અંતરિયાળ માર્ગો પર સઘન પેટ્રોલીંગ શરૂ કરવામાં આવ્યું છે ખાસ કરીને ચૂંટણીમાં દારૂ અને રૂપિયાની હેરાફેરી અટકાવવા માટે જીલ્લા પોલીસતંત્ર પ્રયત્નશીલ બન્યું છે જે ચૂંટણી સુધી ચાલુ રાખવામાં આવશે

કોરોનાનું સંક્રમણ ઘટતા રાજ્ય ચૂંટણી આયોગે સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓ ફેબ્રુઆરી મહિનાના અંતમાં યોજવાનું નક્કી કરતા રાજ્યમાં આચારસંહિતા લાગુ કરી દેવામાં આવી છે અરવલ્લી જીલ્લામાં જીલ્લા પંચાયત,૬ તાલુકા પંચાયત અને બે નગરપાલીકા ચૂંટણી યોજાવાની છે જેને લઈને તંત્ર દ્વારા ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને પહોંચી વળવા પોલીસે પણ કામગીરી શરુ કરી દીધી છે આચારસંહિતાની કડક અમલવારી માટે અને અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા માટે પોલીસે અરવલ્લી જીલ્લા પ્રવેશદ્વારોએ અને રાજસ્થાનને અડીને આવેલ ૭ આંતરરાજ્ય સરહદ અને જીલ્લાની અંદર ૧૦ જેટલી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે ત્યાંથી રાઉન્ડ ધી ક્લોક પસાર થતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરી એન્ટ્રી કરવામાં આવી રહી છે

અરવલ્લી જીલ્લાની આંતરાજ્ય સરહદો પરથી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ બુટલેગરો દ્વારા ઠાલવવામાં આવતો હોવાની વાત જગજાહેર છે ત્યારે ચૂંટણી ટાણે વિદેશી દારૂની ડિમાન્ડ વધી જતા બુટલેગરો પણ મોટા પ્રમાણમાં નિતનવા નુસ્ખા અપનાવી દારૂ ઘુસાડવા અધીરા બન્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ જીલ્લાના તમામ પ્રવેશદ્વારે સઘન ચેકીંગ હાથધરી બુટલેગરોના પ્રયત્નો નિષ્ફળ બનાવી રહી છે ત્યારે સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓમાં દારૂ અને રૂપિયાની હેરાફેરી અને ગેરકાયદેસર પ્રવૃતિઓ પર લગામ લગાવવા પોલીસે ચેકપોસ્ટ ઉભી કરી વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું છે જીલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે તમામ પોલીસ સ્ટેશન અને પોલીસતંત્રની વિવિધ એજન્સીઓને પેટ્રોલીંગ કરવા અને આચારસંહિતાનો ચુસ્ત પણ પાલન થાય તે માટે જીલ્લા પોલીસવડાએ તાકીદ કરી છે



**ડુંગરી ગામે રીટાયર્ડ આર્મી જવાનનું ધામધૂમથી સ્વાગત**

ઈડર તાલુકાના ડુંગરી ગામના વતની વણકર કમલેશભાઈ પૂંજાભાઈ એ ભારતીય આર્મીમાં સત્તર વર્ષ સુધી દેશની સેવામાં પૂર્ણ કરી તારીખ ૨/૨/૨૧ ને મંગળવારે વતનમાં લેહથી પરત ફરતા ડુંગરી ગામના લોકોએ તેમનું ખૂબજ ઉત્સાહ પૂર્વક સ્વાગત કરી આવકાયો હતા.

લૂંટના ઇરાદે....

# ભાભરના યુવાનની કચ્છના અંજારમાં ઘાતકી હત્યા

ડીસા, તા. ૩

કચ્છ જીલ્લાના અંજારમાં આવેલી વેલસ્પન કંપની પાસે એટીએમનાં સિક્યોરિટી ગાર્ડની છરી વડે હત્યા કરી દેવામાં આવી છે. બનાસકાંઠા જીલ્લાના ભાભરના વતની અને હાલ વરસામેડી રહેતાં નવીન મણિલાલ સોલંકી (ઉ.વ.૨૧) હાલ એસબીઆઈના એટીએમમાં ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે અજાણ્યાં ઈસમોએ એટીએમમાં જ નવીનની હત્યા કરી હોવાની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. ઘટનાને પોલીસે એફએસએલને સાથે રાખીને હત્યા અંગે તપાસ શરૂ કરી દીધી છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, મરનાર સિક્યોરિટી ગાર્ડના સાળાએ ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. મધરાતના સમયે કોઈ અજાણ્યા લોકો દ્વારા ગળામાં અને છાતીનાં ભાગમાં હુમલો કરીને હત્યા કરવામાં આવી છે. કરપીણ હત્યાને પગલે એટીએમ લોહીથી લથબથ થઈ ગયું હતું. હત્યાને પગલે પૂર્વ કચ્છનાં પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

# ગુજરાત જાગૃતિ વિકાસ મંડળ દ્વારા ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું

## પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાં વિદ્યુત સહાયક (ઈલેક્ટ્રીક આસિસ્ટન્ટ) ભરતીમાં અનુસુચિત જનજાતિના ઉમેદવારોને સીનિયોરીટી લીસ્ટ ૨૬૬૧ સુધી ઓર્ડર આપવા રજુઆત

ભિલોડા,તા.૧

ગુજરાત જાગૃતિ વિકાસ મંડળ ધ્વારા ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું હતું.પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાં વિદ્યુત સહાયક (ઈલેકટ્રીક આસિસ્ટન્ટ) ભરતીમાં અનુસુચિત જનજાતિના ઉમેદવારોને સીનિયોરીટી લીસ્ટ ૨૬૬૧ સુધી ઓર્ડર આપવા સંદર્ભે ધારદાર રજુઆત કરાઈ હતી.

ગુજરાત જાગૃતિ વિકાસ મંડળ, ઉપપ્રમુખ ગુલાબભાઈ પરમાર સહિત કાર્યકરો ધ્વારા મામલતદાર ઝેડ.વી. પટેલને આવેદનપત્ર અપાયું હતું.પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાં ઈઉજી ના ઉમેદવારોને સીનિયોરીટી નંબર.૨૫૯૦ સુધી ઓર્ડર આપવામાં આવેલ છે.અનામતના ૧૦ % સરકારએ જાહેર કરેલ છે.સુપ્રિમ કોર્ટએ મંજુરી ન આપેલ હોવા છતા સીનિયોરીટી નંબર.૨૫૯૦ સુધી ઓર્ડર આપેલ છે. અનુસુચિત જનજાતિ (એસ.ટી.) માટે બંધારણની જોગવાઈ પ્રમાણે ૧૫% અનામત આપેલ છે.અનુસુચિત જનજાતિના ઉમેદવારોને સીનિયોરીટી નંબર અનુસાર ૨૦૦૪ સુધી ઓર્ડર આપેલ છે. અનુસુચિત જનજાતિને નુકસાનકર્તા છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાં ઈલેકટ્રીક આસિસ્ટન્ટમાં કંઈ રીતે ભરતી કરવામાં આવેલ છે.ભરતીમાં સમાજને અન્યાય ન થાય તે માટે તાત્કાલીક અનુસુચિત જનજાતિના ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટને ૨૬૨૧ ના અંદરના ઓર્ડર ઈશ્યુ કરવા લેખિતમાં અરજ કરાઈ છે.મેરીટ લીસ્ટની સમય મર્યાદા તા.૧૩/૨/૨૦૨૧ છે તે કોવિડ-૨૦૧૯ની મહામારીના લીધે મેરીટ લીસ્ટની સમય મર્યાદા તા.૧૨/૨/૨૦૨૨ સુધી લંબાવવા અરજ કરાઈ છે.રાષ્ટ્રપતિએ એસ.ટી.ના બોગસ સર્ટીફીકેટ ધરાવતા લોકોને સજા તેમજ રૂા.૫૦,૦૦૦/- ના દંડની જોગવાઈ કરેલ છે તો ખોટી રીતે દાખલા મેળવી અનુસુચિત જનજાતિ (S.T.) માં ભરતી થયેલ હોય તેની ન્યાયિક રીતે તપાસ થાય અને કાનુની કાર્યવાહી કરીને નોકરીમાંથી બરતરફ કરવા જોઈએ તેમ જણાવ્યું હતું. સર્ટીફીકેટ વેરીફીકેશન કાયદા ૨૦૧૮ ની કલમ ૩,૬,૮ અને S.T. કાસ્ટ સર્ટીફીકેટ વેરીફીકેશન રૂલ્સ નિયમ ૧૦ (૧) ના વિશ્લેષણ સમિતિ દ્વારા તપાસ કર્યા પછી ઓર્ડર આપેલ છે કે નહીં તે બાબતે યોગ્ય તપાસ કરવા લેખિતમાં અનુરોધ કર્યો હતો.

# વડગામના જલોત્રા યુજીવીસીએલના હેલ્પર લાંચ લેતા ઝડપાયા

વડગામ, તા. ૩

વડગામ તાલુકાના જલોત્રા ઉત્તર ગુજરાત વીજ કંપની માં ફરજ બજાવતા હેલ્પર અમૃતભાઈ બી.પ્રજાપતિએ કપાયેલ વીજ જોડાણ પુનઃ જોડવા માટે ગ્રાહક પાસેથી રૂપિયા ૫૦૦ની લાંચ માંગતો, તેવો લાંચ સ્વીકારતા આબાદ રીતે ઝડપાઈ ગયા હતા.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ,ટીમ એસીબી પાલનપુરનાઓને હકીકત મળેલ કે જિલ્લાના વિભિન્ન સ્થળોએ યુજીવીસીએલ દ્વારા કપાયેલા વિજ કનેકશન ને પુનઃજીવીત કરવા માટે કાયદેસર ના નાણાં ઉપરાંત પોતાના અંગત લાભ માટે સ્થળ પર નાણાં લાંચ પેટે લેવામાં આવે છે. જેથી આ કામે પાલનપુર એસીબી દ્વારા એક જાગૃત નાગરિક નો ડીકોયર તરીકે સહકાર મળેલ અને તેઓના કપાયેલા વીજજોડાણ ને પુનઃ જીવીત કરવા માટે તમામ કાયદેસર ના નાણાં પૈકી કોઈ જ ભરવાપાત્ર બાકી ન હોવા છતાં વિજજોડાણ પુનઃજીવીત કરવા સમયે ઉપર જણાવેલ હેલ્પરનાઓએ સ્થળ પર ? ૫૦૦/- ની માંગણી કરી સ્વીકારી પકડાઈ જઈ ગુનો કર્યા બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.મદદનિશ નિયામક એસીબી.બોર્ડે એકમ ભૂજ , સુપરવિઝન અધિકારી કે.એચ. ગોહિલ તથા એસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એન.એ. ચૌધરી બનાસકાંઠા પાલનપુર દ્વારા નાણાં સ્વીકારતા હેલ્પર ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.